જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૪/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૪૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૩૪૯ લીટર દેશી દારૂ, ૨૫૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૨૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૦૨ બિયર ટીન, ૦૧ કાર, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૭૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૪૨/૨૦૨૬**

મણીનગરઃ મણીનગર વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષિય મહીલાએ તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૧/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર +૧(૭૮૧) ૪૩૫૩૫૦૦ ના ધારકે મહીલાના વ્હોટ્સએપ એપ્લીકેશનમાં http://www.farmaciabonola.it લીંક મોકલી પાર્ટ ટાઇમ જોબમાં એક દિવસના રૂપિયા ૧૦,૦૦૦/– આપવાનુ જણાવી ટેલીગ્રામ એપ્લીકેશનથી વર્ક પ્રોફાઇલ બનાવડાવી થોડા પૈસા રોકાણ કરાવી કમીશન આપી વિશ્વાસ કેળવી મહીલા પાસેથી ઓનલાઈન રૂપિયા ૨,૭૦,૪૪૯/– રોકાણ કરાવી નાણાં પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ નવા વાડજ વિસ્તારમાં રહેતા ૭૬ વર્ષિય મહીલાએ તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૧૩/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૨૯૦૭૮૭૯૩૬, ૭૦૩૨૬૦૮૪૪૫, ૯૧૫૯૬૯૬૪૫૪, ૯૮૯૦૩૭૯૮૫૬, ૯૬૧૧૬૯૬૬૯૫ અને ૯૧૨૫૩૫૮૮૭૪ ના ધારકોએ ભેગા મળી પોલીસ ગણવેશ ધારણ કરી વોટ્સએપ વિડિયો કોલ કરી દિલ્હી ક્રાઇમ બ્રાન્ચમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી મહીલાના આધાર કાર્ડ પરથી ખોટું બેન્ક એકાઉન્ટ ખોલાવી મની લોન્ડરિંગમાં વપરાયાનું કહી આ કેસમાંથી બચવા કોર્ટ ફી ભરવી પડશે તેમજ કોર્ટ ફી નહી ભરો તો ઘરપકડ કરવાની ધમકી આપી હતી. ત્યારબાદ મહીલાના બેન્ક ખાતાની તેમજ અન્ય માહિતી મેળવી લઈ મહીલા પાસેથી રૂપિયા ૫,૩૧,૦૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ સતત વીડિયો કોલ કરીને આઈ.બી. તથા સુપ્રીમ કોર્ટના ખોટા પત્ર મોકલી વધુ પૈસાની માંગણી કરી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૪૩/૨૦૨૬**

રિવરફ્રન્ટ ઇસ્ટઃ નિતેષકુમાર વિરચંદભાઈ પંચાલ (રહે. દિવ્યજીવન લાઈફ સ્ટાઈલ ફલેટ દિપક સ્કુલ પાસે નિકોલ) એ તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી તા.૧૦/૦૪/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ તરફ સદર બજાર પાછળના ભાગે નદીના પટમાંથી થ્રીફેઝ કોપરનો કેબલ ૨૫૦ મીટર કિમત રૂપિયા ૧૧,૦૦,૦૦૦ /– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૫૪૪/૨૦૨૬**

ઓઢવઃ સરોજબહેન રાજેશકુમાર શાહ (ઉ.વ.૬૧) (રહે. સિરોમણી બંગલોઝ પુષ્પક બંગલોઝની બાજુમાં વિરાટનગર રોડ ઓઢવ) તા.૧૨/૦૪/૨૦૨૬ સવારના ૦૬/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ અમુલ પાર્લર સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ સરોજબહેન શાહના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૩,૨૫૯/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોજબહેન શાહ એ તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૪૫/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ગૌરાંગભાઇ મહિપતભાઇ ભટ્ટ (રહે. તિવોલી ગોદરેજ ગાર્ડન સીટી ગોતા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૪/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી બપોરના ૦૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી રોડ સુકન મોલ ચાર રસ્તા નજીક પરમ ઓટોમોટીવ પ્રા.લી.મહિન્દ્રા વર્કશોપના પાર્કિંગમાંથી કાળા રંગની સ્કોર્પિઓ ગાડી નંબર જીજે ૩૮ બીબી ૮૦૯૫ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી